જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૨/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૭૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૯	૦	૧૧૭૩૯	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૨૮૪૩	૧૧૪	૮૨૯૫૭	૮૩૮૪૮	૧૧૦	૮૩૯૫૮
કુલ		૯૯૪૪૪	૧૧૪	૯૯૫૫૮	૧૦૮૩૮૧	૧૧૦	૧૦૮૪૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૯	૪,૯૭,૫૦૦./-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૧૬	૬,૧૬,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શહેરકોટડા પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા વિષ્ણુભાઇ લાલજીભાઇ પરમાર ઉ.વ.૩૧ રહે, ૦૪/૭૪ તુલસીદાસ સ્લમ ક્વાર્ટસ મંસાની મસ્જીદ પાસે, સરસપુર, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) ગોમતીપુર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૮૨૦૦૨૬૪/૨૦૨૦ ઈપીકો ૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧ ૨૧૦૬૪૬/૨૦૨૧ ઈપીકો ૩૨૪, ૨૯૪(ખ) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૧૩૦/૨૦૨૨ તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૯/૦૨/૨૦૨૨ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૭૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૧ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૭૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૭૩/૨૦૨૨**

રામોલઃ સંજયસિંહ રામનરેશસિંહ કુશ્વાહ (રહે. વિનાયક પ્લાઝા સેન્ટ મેરી સ્કૂલ પાસે નવા નરોડા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૨/૨૦૨૨ રાતના ૧૦/૦૦ થી તા.૦૯/૦૨/૨૦૨૨ કલાક ૪/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન તક્ષશીલા રોડ ક્રિષ્ણાધામ શોપીંગ સેન્ટર દુકાન નંબર-૨૦ માં આવેલ એસબીઆઈ બેન્કના એટીએમ સેન્ટરના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ અંદર પ્રવેશ કરી ગેસ કટર થી એટીએમ મશીન કાપી તેમાંથી રોકડ રૂપિયા ૩૪,૫૯,૯૦૦/- ચોરી કરી લઇ, એટીએમ સેન્ટરમાં આગ લગાડી એ.સી. તેમજ કેમેરા ને નુકસાન કર્યું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.રાણા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૭૪/૨૦૨૨**

વાડજઃ રમીલાબહેન ઈશ્વરલાલ પટણી (ઉ.વ.૫૧) (રહે. ફુલચંદની નવી ચાલી, શારદાબેન હોસ્પિટલ પાસે, સરસપુર)એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૨/૨૦૨૨ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે રમીલાબહેન પટણી રાણીપ ડેપો ખાતે બસમાં ચડતી વખતે અજાણી વ્યક્તિએ રમીલાબહેન પટણીની નજર ચુકવી તેમની બેગમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૮,૪૦,૦૦૦/- અને ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

કાગડાપીઠઃ લલીતકુમાર જવાહરલાલ પુરોહીત (રહે. ફેસ-૨ પરિષ્કાર ખોખરા સર્કલ પાસે ખોખરા) એ તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કાગડાપીઠ સફલ-૩ માં ડી/૩૧૫ ત્રીજો માળ ખાતે આવેલ ગોડાઉન ખાતે નોકરી કરતા રવિ ઉર્ફે જીતુ પરાગભાઈ પ્રજાપતિ (રહે. નિલમબાગ-૨ ત્રીજો માળ ચંન્દ્રમણી હોસ્પીટલ પાછળ શાહીબાગ) તા.૦૫/૦૨/૨૦૨૨ થી તા.૦૭/૦૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ગોડાઉનમાંથી ડ્રેસ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૨૭૫૨૦૨૨**

રિવરફ્રંટ વેસ્ટઃ પાર્થ પ્રફુલભાઇ શાહ (ઉ.વ.૨૨) (રહે. આદિનાથ એપાર્ટમેન્ટ ગીરીરાજ સોસાયટી પાળીયાદ રોડ બોટાદ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા પહેલા સી-પ્લેન પ્લેટફોમ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુરદાન અજીતદાન ચલાવે છે.

માધવપુરાઃ કિનલ ડો/ઓ રાકેશભાઇ વાઘેલા (ઉ.વ.૨૦) (રહે. પુઅર સ્ટાફ ક્વાર્ટર્સ મહેંદીકુવા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૨ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.